RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-01
January -2019
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# વાર્તાકાર સ્નેહરશ્મિ

ડૉ. પંકજ આર. પટેલ

*આસી.પ્રોફેસર, ગુજરાતી, આર્ટસ કોલેજ, ભીલડી.*

સ્નેહરશ્મિ ગાંધીયુગના વાર્તાકાર છે. તેમની પાસેથી ચાર-પાંચ દાયકાની મથામણરૂપ 'તૂટેલો તાર', 'ગાતા આસોપાલવ', 'સ્વર્ગ અને પૃથ્વી', 'હીરાનાં લટકણિયાં', 'શ્રીફળ' અને 'કાલાટોપી' જેવા વાર્તાસંગ્રહો સાંપડે છે. સ્નેહરશ્મિએ ભાવનામય રંગરાગી શૈલીમાં વાર્તાઓ રચી છે, તે દ્રષ્ટિએ તેમની વાર્તાઓમાં ધૂમકેતુનું સાતત્ય સચવાતું જોવા મળે છે તો વિષયવસ્તુના વૈવિધ્ય અને પ્રયોગશીલતાની દ્રષ્ટિએ દ્વિરેફનું સાતત્ય સચવાતું જોવા મળે છે. અહીં મારો પ્રયત્ન સ્નેહરશ્મિની વિષયવસ્તુ અને વસ્તુગ્રંથનની દ્રષ્ટિએ ઉત્તમ લાગતી વાર્તાઓને કેન્દ્રમાં રાખીને સ્નેહરશ્મિની વાર્તાકલાને પામવા-પમાડવાનો રહ્યો છે.

'ગાતા આસોપાલવ', 'માછીકન્યા' તથા 'સ્વર્ગ અને નરક' જેવી વાર્તાઓ તેમાં નિરૂપિત ભાવનામયતા અને રંગદર્શિતાને લીધે સ્પર્શક્ષમ રચનાઓ છે. જેમાંની 'ગાતા આસોપાલવ'માં કેવળ સ્વાર્થી પ્રપંચ અને કૃતક આડંબરોની ઓથે જિવાતા જીવનમાં ઉદાત્ત પ્રેમી કે કલાકારોને કરુણામાં જ જીવવું પડે તેવું વિષયવસ્તુ નિરૂપાયું છે. આ વાર્તામાં રગેરગ પ્રકૃતિપ્રેમી એવો રાહુલ સારંગી દ્વારા પોતાની ભાવાભિવ્યક્તિ સાધતો રહે છે. પોતાને આવેલા સ્વપ્નની અદ્દલ પ્રતિકૃતિ સમી રાધા મળતાં તે તેને ચાહે છે, એકરાર કરે છે અને બંને પરણવાય તત્પર છે પરંતુ વાંકદેખો રાધાનો બાપ રાહુલ સારંગી છોડે તો જ રાધા સાથે પરણાવવાની આકરી શરત મૂકે છે. વિરહ વેઠીને નાછૂટકે શરત સ્વીકારતો રાહલુ રાધાની હાજરીમાં છેલ્લીવાર સારંગીના કરુણ સૂર છેડે છે. સૌ રાધા-રાહુલના વિવાહને સ્વીકારે છે, પરંતુ સવારના ચાર વાગ્યાના સમયે તો રાધા-રાહુલની જગ્યાએ બે આસોપાલવ ઊગી નીકળે છે ! જે આસોપાલવ વર્ષો સુધી સુદ નોમની રાતે હૃદયદ્રાવક સંગીત રેલાવતાં રહે છે. સાચો પ્રેમ કે કળા કોઇ બંધનને સ્વીકારતાં નથી એવા તથ્યને પ્રગટ કરતી આ વાર્તા શિથિલ-પ્રસ્તારી છે, પરંતુ વાર્તા અંતર્ગત વાર્તા, સ્વપ્નકથન, કપોળકલ્પના જેવી પ્રયુક્તિઓ, પ્રથમ પુરુષ તથા સાક્ષીકથન જેવી કથનરીતિઓ તથા કાવ્યક્ષમ વર્ણનોને લીધે સહ્ય અને આસ્વાદ્ય બની છે.

'માછીકન્યા' પણ ભાવનામયતા અને કાવ્યત્વમય નિરૂપણની દ્રષ્ટિએ સ્પર્શી જાય તેવી વાર્તા છે. અહીં વાર્તાનાયિકા માછીકન્યા રૂપાને દેવો અને સોમો બંને ચાહે છે અને રૂપાનેય બંનેનું આકર્ષણ છે પરંતુ રૂપાની અવઢવ એ છે કે તે કોની સાથે લગ્ન કરે ? કારણ કે તે સોમાને હા પાડે તો દેવો દુઃખી થાય અને દેવાને હા પાડે તો સોમાને આઘાત લાગે ! દેવા અને સોમાની મિત્રતાય ભાઇથી અધિક મિત્રો જેવી છે. તેઓ પણ વિચારે છે કે રૂપા તો દુનિયામાં એક જ છે અને તે ગમે તે એકના નસીબમાં જ હોય તો બીજાએ તો નારાજ જ થવાનું, પરંતુ જે પરણે તેણે બાળક બીજાને આપી દેવું કે જેથી બાળકરૂપે રૂપા અને મિત્ર બંનેનો અંશ સાંપડે. રૂપા પણ એવી જ શરત મૂકતાં કહે છે કે બંનેમાંથી તરીને જે ઝાંઝરીએ પહોંચે તે તેનો વર અને બીજો તેનો ભાઇ. વળી ત્રણેય જણાંએ સાથે જ રહેવાનું અને જે બાળક થાય તે ભાઇનું ગણાય. શરતમાં સોમો જીત્યો તે રૂપા મળી. રૂપાને દીકરી થઇ. દેવાએ તેનું નામ પાડ્યું મીઠી. બનવાકાળ એક વખત સોમો ને રૂપા ઝાંઝરીએ ફરવા ગયાં ને તરાપો ઊંધો પડતાં ઝાંઝરીના વમળમાં ડૂબી મર્યાં. દેવાની વેદના ચરમસીમાએ પહોંચી. નિરાશ-ગમગીન ચહેરે ઘેર આવેલો દેવો તે બેયના અસ્તિત્વ સમી મીઠીને નિઃશ્વાસભર્યા ઉરે ઊંઘતી જોઇ રહે છે અને ઝાંઝરી તરફ વેદનાદ્રષ્ટિ કરતાં મીઠીના નાજુક ગાલ પર ચુંબન કરી લે છે. વાર્તાન્તે દેવાના મનોભાવરૂપ સંકેતો આસ્વાદ્ય છે. 'બહાર ભગ્ન હૃદયના વીખરાયેલા તારની જેમ ચાંદની વિખરાયેલી પડી હતી, ને દૂર ઝાંઝરી તેનું અગમ્ય એવું ઘેરું ગાન ગાઇ રહી હતી.' આમ, સમગ્ર વાર્તામાં ઝાંઝરી અને ચાંદનીનો પરિવેશ પાત્રગત અનુભૂતિને સઘન રૂપે મૂર્ત કરી આપે છે. વળી 'ઝાંઝરી' પણ વમળયુક્ત મનુષ્યનિયતિને પ્રગટ કરતો સંકેત બની રહે છે. જે ઝાંઝરીએ રૂપાની પાંચ-પાંચ પેઢીની માતાઓ ડૂબીને મરણને ભેટેલી અને રૂપા એ જાણતી હોવા છતાંય એના ભોગ બને છે. તેને દૈવની અકળ લીલા જ ગણવી રહીને !

સ્વર્ગ કરતાંય પૃથ્વીલોક સવાયો છે કેમ કે મનુષ્યજીવનમાં દુઃખ છે, નિઃશ્વાસ ને કરુણતા છે તો સાથો સાથ સાચુકલી સંવેદનાઓ કે ભાવનાઓ છે – આવા વિષયવસ્તુને ઉજાગર કરતી 'સ્વર્ગ અને નરક' પણ સંવેદનાક્ષમ કાવ્યક્ષમરચના છે. કથ્યની અભિવ્યક્તિ માટે અહીં કપોળકલ્પનાનો આશ્રય લેવાયો છે. પોતાની સંગીતકળાને લીધે સ્વર્ગમાં સૌનો માનીતો થઇ ગયેલો ગંધર્વ અપ્સરાઓ સાથે પૃથ્વીલોકના વિહારે આવી ચડે, એક યુવતીનાં આંસુ અને નિઃશ્વાસ તેના હૃદયતારને ઝણઝણાવી મૂકે, તે સ્વર્ગમાં જઇ ઉલ્લાસને બદલે પૃથ્વીનું કરુણસંગીત રેલાવે અને એવા

RRIJM 2015, All Rights Reserved

અપરાધથી પૃથ્વી પર છ વર્ષ ગાળવાની આકરી સજા પામીને પૃથ્વીલોક પર આવે છે. છ વર્ષ દરમિયાન ગંધર્વને છાયાનો નિર્મળ-નિર્વ્યાજ પ્રેમ સાંપડે છે. છ વર્ષ પૂરાં થતાં તે છાયાની વિદાય લે છે. રસ્તે તેને છાયાનો વિદાય સમયનો અશ્રુપાત, તેનાં દ્વારા પ્રેમથી બનાવાયેલાં સુગંધીદાર વલ્કલવસ્ત્રો, તેણે કરાવેલું ભોજન બધાંયનું સ્મરણ થતાં એ પાછો ફરે અને શોકમાં મરણ પામેલી છાયાને જોતાં તેના વિયોગમાં, દર્દભર્યા જીવનસંગીતને જ પસંદ કરે છે. આમ, સ્વર્ગના શાશ્વતી વિલાસોના પ્રતિરોધે મનુષ્યના સંયોગ-વિયોગના સુખ-દુઃખને તાગતા સ્પર્શક્ષમ વસ્તુવિધાન અને તેના કાવ્યક્ષમ વર્ણનોયુક્ત ભાષાકર્મને લીધે આ રચના સ્નેહરશ્મિની ચિરંજીવ વાર્તા છે.

'પ્રતિકાર' મનુષ્યના સદ્-અસદ્ સંઘર્ષ અને સદના વિજયની પ્રતીકાત્મક વાર્તા છે. અહીં વાર્તાનાયિકા લતા મિલમજૂર ઉમાકાન્તની પત્ની છે. તે ઉમાકાન્ત સાથે ચાલીની નાનકડી રૂમમાંરહે છે. ઉમાકાન્તનો નવો મિલમાલિક રમણલાલ લતાને જુએ છે ત્યારથી જ તેની સ્ત્રીલાલસા પ્રબળ બને છે. તે ઉમાકાન્તની હાજરી કે ગેરહાજરીમાં મદદ કરવાના કોઇને કોઇ બહાને આવે છે અને શારીરિક અડપલાં કર્યાં કરે છે. લતા કશો વિરોધ પ્રગટ નથી કરતી પરંતુ આંતરપ્રતારણા અનુભવે છે. આ વાર્તામાં ઉંદરના પ્રતીકનો સરસ વિનિયોગ થયો છે. લતા ચાલીના ઉંદરથી ત્રાસી જઇને તેને મારવા ઝેરી દવા લાવે. એ ઉંદર ઉંદર નથી, પરંતુ માનવઉંદર છે. વાર્તાને અંતે રમણલાલ રૂમની ગતિવિધિ અને નીચેથી ઉપર આવેલી લતાના મુખભાવ જોઇને જાણે વીજકરન્ટ લાગ્યો હોય તેમ મોં ફેરવી દાદર ઊતરી જાય તેમાં લતાનું સદતત્વ જીતતું અનુભવાય છએ. આમ પ્રતીકનો સક્ષમ વિનિયોગ, પાત્રોના ઘૂમરીઓ ખાતા મનોવ્યાપારના સબળ આલેખનને લીધે 'પ્રતિકાર' યાદગાર વાર્તા છે.

'થડ ને ડાળ-પાંદડાં'માં સમકાલીન વાર્ધક્યગ્રસ્ત સંવેદના તથા સંબંધોની પોકળતાનું વિષયવસ્તુ ઝિલાયું છે. અહીં નિવૃત્તિને આરે પહોંચેલો વાર્તાનાયક કુટુંબીજનોના શોખનેય પોષે છે અને ભરણપોષણેય પૂરું પાડે છે. આમ છતાં 'એ તો એમની ફરજ છે' એવું માનીને નાનું-મોટું સહુ તેમની સતત અવગણના કરે. કટકટ કરે છે. ઘરના મોભીને ચા ય ના મળે કે પોતાનાં કામ પોતે જ કરવાં પડે છે. કુટુંબના ત્રાસથી ઘડીક સ્વસ્થતા પામવા વાર્તાનાયક તળાવ કિનારે પહોંચે છે, પરંતુ ત્યાંય આંધી ચડી આવે છે ને તેની નજર મરવાની સ્થિતિએ લચી પડેલા આંબા અને તેનાં ડાળ-પાંદડાં પર પડે છે. તેના મનમાં જાણે થડ-ડાળી ને પાંદડાંના સંવાદો રમ્યા કરે છે અને ગૃહત્યાગનું આત્મજ્ઞાન સાંપડે છે. વાર્તાન્તે તે ગૃહત્યાગ કરે અને ચોંકી ઉઠેલાં સૌ જાણે ઢગલો થઇ ઉંબરમાં ફસડાઇ પડે છે. વાર્તામાં ડગલે ને પગલે પતિને કટુવાણીથી નવાજનાર ધર્મપત્નીનો સંવાદ સૂચકરૂપે તેના દંભ પોકળપણાને વેધકરૂપે અનાવૃત્ત કરે છે. તે ઘરના બધા જ સભ્યોને કહે છે - 'મીઠા ઝાડનાં મૂળ ખોદી કાઢી હવે તો તમને ધરવ થયો ને !'

થડ અને ડાળ-પાંદડાંના માનવીય સંવાદોથી વૃદ્ધ નાયકની મનઃસ્થિતિ તથા ઘરના સભ્યોના વલણ-વર્તનો તથા મનુષ્યસ્વભાવનું સચોટ આલેખન થયું છે. વાર્તારંભે તળાવ તરફ જતા વાર્તાનાયકની ઝડપી ગતિ અને મનની અસ્વસ્થતાનું સૂચન કર્યા પછી મોટાભાગની વાર્તા વૃદ્ધના મનોવ્યાપારરૂપે અને તેની પ્રતિક્રિયારૂપ ગૃહત્યાગ અને ચોંકી ઉઠેલા સ્વજનો નિરૂપી ઉચિત અંત સધાયો છે.

સાક્ષીકથનની કથ્યરીતિમાં રચાયેલી 'આંખ' વાર્તા માણસ માત્રના બિહામણા આંતરસ્વરૂપને તાગતી, પ્રતીકધર્મી વાર્તા છે. આ વાર્તામાં એકાંકીજીવન વેંઢારતા નારણની જુગુપ્સાજનક આંખોને લીધે લોકો તેનાથી દૂર રહે છે, સ્ત્રીઓ તેનો પડછાયોય ત્યજતી. જોગાનુજોગ વાર્તાનાયક જેરામભાઇના ઘેર નારણની અવરજવર વધી પડતાં વહેમને લીધે જેરામભાઇની પત્નીય મરણતોલ માંદગીમાં સપડાય, વહેમમાં સપડાયેલા જેરામભાઇ નારણનું ખૂન કરી જેલયાતનાને અંતે ફાંસીની સજા પામે છે, પરંતુ વાસ્તવિક પછી પમાય કે નારણ તો નિર્દોષ હતો. વસ્તુતઃ દોષ તો નારણની આંખનો નહોતો, પરંતુ લોકોની આંખનો હતો. તેથી જ વાર્તાકારે વાર્તાન્તે સાક્ષીપાત્રના મુખે સૂચકરૂપે કહેવડાવ્યું છે - 'એવી આંખ તમે કદી નથી જોઇ ? કોણ કહી શકે કે તેમાં પાપ જ ભર્યું છે ? અને માણસની આંખે શું નથી કર્યું ?' (પૃ. ૬૯) આમ, વિષયવસ્તુનુરૂપ સાક્ષીકથનરીતિનો સબળ વિનિયોગ, આંખની પ્રતીકાત્મકતા, જેરામભાઇનાં મનઃસંચલનો અને સંવાદરીતિ આ બધાંના સરસ સંમિશ્રણને લીધે 'આંખ' લાઘવસભર રચના છે.

'મમી' માં પશુવત ભોગલાલસામાં સબડતા સ્ત્રી-પુરુષ સંબંધોનું વિષયવસ્તુ 'મમી' ની કપોળકલ્પના દ્વારા સરસ નિરૂપાયું છે. આ વાર્તામાં એક મેળાવડામાં ગયેલા કથાનાયકનું એક સુંદર યુવતી ચિત્ત મનમોહી લે છે. વાર્તાનિયકા મરી ગયેલા પશુ-પંખીઓમાં મરી-મસાલા ભરીને તેમને જીવતાં દેખાડવાનો, ટેક્સીડર્મીનો વ્યવસાય કરે છે. આ વાર્તાનાયિકા પુરુષને તેના ઘેર ચા-પાણી માટે નિમંત્રે છે ત્યારે વિકારવિવશ સ્ત્રીના ઘરે પહોંચેલા તેને પશુ-પંખીઓ જ નહીં, તે સ્ત્રી પણ નિર્જીવ મમી જેવી લાગે છે. અહીં વાર્તાનાયકને પોતાની પત્નીએ રઘુવંશી રાજાઓનો સંદર્ભ ટાંકીને 'ભોગરત જીવન મમી જેવું છે' – એવું જે સૂચન કરેલું તેની સ્મૃતિ તાજી થઇ ઊઠતાં તેની મનોદશા બદલાઇ જાય છે અને આદર્શ તરફ પુનઃ જાય છે. વાર્તામાં પ્રથમ પુરુષની કથનરીતિ સાથે, કપોળકલ્પના, પુરાકલ્પન, રોચક સંવાદો તથા કાવ્યમય વર્ણનો એકરસ થઇ યોજાયાં હોઇ સાદ્યંત સ્પર્શક્ષમ વાર્તાડોળિયું ઘડાયું છે.

સ્નેહરશ્મિના વાર્તાસંગ્રહોમાં ગાંધીયુગના આદર્શો અને ભાવનાઓ પણ સરસ મૂર્તિમંત થઇ છે 'ગૌરી' અને 'કમુ'માં

અસહકારની ભાવના તો 'પુનર્લગ્ન' માં સમાજસુધારાનો આદર્શ તો 'ટિંટોડીનો શાપ' માં અહિંસક યુદ્ધભાવનાનું નિરૂપણ સાંપડે છે.

આમ, સ્નેહરશ્મિની વાર્તાઓમાં વિપુલ વિષયવૈવિધ્ય છે. આવા વિષયવસ્તુમાં વાર્તાકારની સભર અનુભવની પ્રતીતિ થાય છે. વળી આ વાર્તાઓ વિષયવસ્તુને અનુરૂપ જુદી જુદી કથ્યરીતિઓને લીધે રસસંતર્પક બની છે. વાર્તાઓમાં યોજાયેલી સર્વજ્ઞ કથનરીતિ, પ્રથમ પુરુષ એકવચન અને સાક્ષીકથન જેવી કથ્યરીતિઓ ઉપરાંત તે અંતર્ગત યોજાયેલ પ્રતીક, પુરાકલ્પન, કપોળકલ્પના, કાવ્યક્ષમવર્ણનો જેવી આંતરપ્રયુક્તિઓ આ રચનાઓને આંતરસૌંદર્ય બક્ષીને સર્જક દ્રષ્ટિકોણ પ્રગટ કરવામાં સફળ રહે છે.

**સંદર્ભસુચિ:**


- 'ગાતા આસોપાલવ'- સ્નેહરશ્મિ (૧૯૩૪),
- 'તૂટેલા તાર'- સ્નેહરશ્મિ (૧૯૩૪),
- 'સ્વર્ગ અને પૃથ્વી'- સ્નેહરશ્મિ (૧૯૩૫),
- 'મોટી બહેન'- સ્નેહરશ્મિ (૧૯૫૫),
- 'હીરાનાં લટકણિયાં'- સ્નેહરશ્મિ (૧૯૬૨),
- 'શ્રીફળ' -સ્નેહરશ્મિ (૧૯૬૯),
- 'કાલાટોપી'- સ્નેહરશ્મિ (૧૯૬૨),
- 'સ્નેહરશ્મિની શ્રેષ્ઠ વાર્તાઓ' (૧૯૮૩)